Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

# માધ્યમિક શિક્ષણના પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાનો અભ્યાસ

અંજનાબેન જે.પરમાર
(સંશોધક)
શિક્ષણશાસ્ત્ર ભવન, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી
અમદાવાદ

સારાંશ

પ્રસ્તુત અભ્યાસ માધ્યમિક શિક્ષણના પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતા પર કરવામાં આવેલ છે.તે માટે સ્વ રચિત વ્યાવસાયિક પ્રતિબદ્ધતા માપદંડની રચના કરીને પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતા માપવાનો પ્રયત્ન કરવામાં આવેલ હતો .આ માટે મહીસાગર  જીલ્લાની અંજુમન બી..એડ.કોલેજની પસંદગી કરવામાં આવી હતી. આ માટે અભ્યાસકે સ્વ રચિત ઉપકરણની રચના કરીને બી.એડ. ના આચાર્યશ્રીની પૂર્વ મંજુરી મેળવી આપેલ સમય દરમિયાન પ્રશિક્ષણાર્થીઓ પાસે રૂબરૂ ભરાવી તેમના જાતિ આધારિત અને શૈક્ષણિક લાયકાતની થતી અસર ને તપાસવામાં આવી હતી.

## ❖ પ્રસ્તાવના

મનુષ્યના સર્વાંગીણ વિકાસની પ્રક્રિયા એટલે શિક્ષણ.શિક્ષણની પ્રક્રિયાનો આધારસ્તંભ શિક્ષક છે. રાષ્ટ્રને મદદરૂપ બની શકે તેવા નાગરિકોનું ઘડતર ક્ષમતાવાન અને કાર્યકુશળ શિક્ષક દ્વારા થાય છે.શિક્ષકોને તૈયાર કરવાની જવાબદારી તાલીમી સંસ્થાઓની છે.શિક્ષકે વર્ગખંડમાં અધ્યયન અને અધ્યાપનના સંચાલક,સામાજિક નેતા, ચારિત્ર્ય અને રાષ્ટ્રના ઘડવૈયા, સાંવેગિક ઐકયના પ્રણેતા જેવી બહુમુખી ભૂમિકાઓ ભજવાની છે.

સારા શિક્ષકો સારા વિધાર્થીઓનું ઘડતર કરે છે. સારા શિક્ષક બનવા માટે સૌ પ્રથમ  શિક્ષકત્વ પ્રાપ્ત કરવું પડે. શિક્ષકોનું કાર્ય સારી ગુણવત્તાવાળા અને કૌશલ્યયુકત ભાવિ નાગરિકો તૈયાર કરવાનું છે. શિક્ષકમાં જ્ઞાન, કૌશલ્ય,આવડત,પંડિતાઈ,વૈવિધ્યતા હોવી જરૂરી છે.તે સાથોસાથ શિક્ષકમાં પ્રતિબદ્ધતા નહિ હોય તો આ તમામ બાબતો બિનઉપયોગી અને

નિરર્થક બને છે.જે શિક્ષક પ્રતિબદ્ધ હોય તે શિક્ષકમાં શિક્ષકત્વ ઉચ્ચ પ્રકારનું હોય છે.એમ માની શકાય છે,જે શિક્ષક પોતાની વ્યાવસાયિક અભિયોગ્યતા લાક્ષણિકતાઓનો સમન્વય કરી પોતાની ફરજ સારી રીતે બજાવી શકતા હોય તેવા શિક્ષકને પ્રતિબદ્ધ શિક્ષક કહી શકાય.પ્રતિબદ્ધતા એ શિક્ષકનું ભાવાત્મક પાસું છે. આ ભાવાત્મક પાસાંથી પ્રેરાઈને શિક્ષક પોતાની ફરજ પ્રત્યે કટિબદ્ધ બને છે અને હકારાત્મક પ્રેરણા મેળવે છે. શિક્ષક-શિક્ષણ ક્ષેત્રે Teacher Professional Development ના ખ્યાલ અંતર્ગત NCTE એ પ્રશિક્ષણાર્થીઓમાં પ્રતિબદ્ધતા વિકસાવવા પર ભાર મુક્યો છે.

આમ,આ અભ્યાસમાં માધ્યમિક શિક્ષણ પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાને જાણવાના આશયથી અભ્યાસક દ્વારા પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત સંશોધનમાં નીચે મુજબના હેતુઓ હતાં.

૧.માધ્યમિક શિક્ષણના પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતા જાણવા માટે માપદંડની રચના કરવી.

૨.માધ્યમિક શિક્ષણના પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતા જાણવી

૩.માધ્યમિક શિક્ષણના પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતા પર જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો

૪.માધ્યમિક શિક્ષણના પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતા પર શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં અભ્યાસ કરવો

- **સંશોધનની ઉત્કલ્પનાઓ**

પ્રસ્તુત સંશોધનમાં નીચે મુજબની ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી.

$Ho_1$ માધ્યમિક શિક્ષણના પુરુષ અને સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_2$ માધ્યમિક શિક્ષણના સ્નાતક અને અનુસ્નાતક પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_3$ માધ્યમિક શિક્ષણના સ્નાતક પુરુષ અને સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના  માપદંડ પરમેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_4$ માધ્યમિક શિક્ષણના અનુસ્નાતક પુરુષ અને સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

❖ **અભ્યાસમાં સમાવિષ્ટ ચલો**

પ્રસ્તુત અભ્યાસમાં નીચે જણાવેલ પ્રમાણે સ્વતંત્ર અને પરતંત્ર ચલ લેવામાં આવેલ હતાં.

➢ **સ્વતંત્ર ચલ**

જાતિ:- પુરુષ / સ્ત્રી

શૈક્ષણિક લાયકાત:- સ્નાતક / અનુસ્નાતક

➢ **પરતંત્ર ચલ**

. વ્યાવસાયિક પ્રતિબદ્ધતા માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકો

❖ **વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત અભ્યાસ માટે ગુજરાત રાજ્યની સમગ્ર બી.એડ .કોલેજની પસંદગી કરવામાં આવી હતી અને નમૂના તરીકે મહીસાગર જીલ્લાની અંજુમન બી..એડ.કોલેજના ૮૯ પ્રશિક્ષણાર્થીઓની  પસંદગી કરવામાં આવી હતી.

| માધ્યમિક શિક્ષણ પ્રશિક્ષણના પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાનો નિદર્શ | | | |
|---|---|---|---|
| માધ્યમિક શિક્ષણ પ્રશિક્ષણના પ્રશિક્ષણાર્થીઓ | સ્નાતક | અનુસ્નાતક | કુલ |
| પુરુષ પ્રશિક્ષણાર્થીઓ | 15 | 15 | 30 |
| સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓ | 40 | 19 | 59 |

| | | | |
|---|---|---|---|
| કુલ | 55 | 34 | 89 |

❖ **ક્ષેત્ર**

પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધનનું ક્ષેત્ર શિક્ષણ પ્રશિક્ષણ અને શૈક્ષણિક મનોવિજ્ઞાન હતું .

❖ **પ્રકાર**

પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન હતું.

❖ **ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસ માટે અભ્યાસકે સ્વ રચિત વ્યાવસાયિક પ્રતિબદ્ધતા માપદંડની રચના કરી હતી આ માટે અભ્યાસક દ્વારા વ્યાવસાયિક પ્રતિબદ્ધતા માપદંડની રચના કરવામાં આવી હતી. જેમાં  વિધાનો હતાં અને પંચ બિંદુ દ્વારા તેની મૂલ્યાંકન પ્રક્રિયા હતી. જેને ગુગલ ફોર્મ દ્વારા પ્રશિક્ષણાર્થીઓ સુધી પહોચાડવામાં આવેલ. ત્યારબાદ તેને આધારે આવેલ ઉત્તરો ને આધારે તેનું મૂલ્યાંકન કરવામાં આવેલ હતું.

❖ **સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસ માટે અભ્યાસકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

❖ **માહિતી એકત્રીકરણ**

અભ્યાસકે માહિતી એકત્રીકરણ માટે વ્યાપવિશ્વમાંથી સ્તરીકૃત યાદ્ચ્છીક પ્રયુક્તિ દ્વારા બી.એડ ના પ્રશિક્ષણાર્થીઓ પાસે વ્યાવસાયિક પ્રતિબદ્ધતા માપદંડ કસોટી આપી તે દ્વારા તેમની પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

❖ **માહિતી પૃથક્કરણ**

પ્રસ્તુત અભ્યાસ માટે અભ્યાસકે મળેલ માહિતીનું નીચે પ્રમાણે પૃથક્કરણ કરવાનો પ્રયત્ન કરેલ હતો.

$Ho_1$ માધ્યમિક શિક્ષણના પુરુષ અને સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

**સારણી:1**
માધ્યમિક શિક્ષણના પુરુષ અને સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થકતા

| વ્યાવસાયિક પ્રતિબદ્ધતા | સંખ્યા | સરાસરી | પ્રમાણિત વિચલન | tમૂલ્ય | સાર્થકતા મૂલ્ય | પરિણામ |
|---|---|---|---|---|---|---|
| પુરુષ પ્રશિક્ષણાર્થીઓ | 30 | 103.45 | 27.75 | 0.7 | 1.96(0.05) 2.58(0.01) | સાર્થક નથી |
| સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓ | 59 | 107.76 | 26.45 | | | |
| કુલ | 89 | | | | | |
| | (પ્રમાણભૂલ)2 | 37.53 | **સ્વાતંત્ર્યસંખ્યા =87 આગળ સરાસરીનો તફાવત સાર્થક નથી** | | | |
| | પ્રમાણભૂલ | 6.13 | | | | |
| | M1-M2 | 4.31 | | | | |
| | tમૂલ્ય | 0.70 | | | | |
| | | | | | | |

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X



સારણી1પરથી સ્વાતંત્ર્ય સંખ્યા =87 આગળ t નુ ટેબલ મૂલ્ય 0. 05 અને 0. 01કક્ષાએ અનુક્રમે 1. 96 અને 2. 58 છે .અહી t નુ ગણતરી વડે મેળવેલુ મૂલ્ય 0.70 છે, જે 0.05 કક્ષાએ t ના ટેબલ મૂલ્ય કરતા ઓછું હોવાથી ઉત્કલ્પના-1નો અહી સ્વીકાર થાય છે.બે સરાસરી વચ્ચેનો તફાવત સાર્થક નથી .માધ્યમિક શિક્ષણના પુરુષ અને સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી. .આલેખ-1પર થી આ તફાવત નજીવો જણાય છે.

$Ho_2$ માધ્યમિક શિક્ષણના સ્નાતક અને અનુસ્નાતક પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતા ના

માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

સારણી:2

માધ્યમિક શિક્ષણના સ્નાતક અને અનુસ્નાતક પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થકતા

| વ્યાવસાયિક પ્રતિબદ્ધતા | સંખ્યા | સરાસરી | પ્રમાણિત વિચલન | tમૂલ્ય | સાર્થકતા મૂલ્ય | પરિણામ |
|---|---|---|---|---|---|---|
| સ્નાતક પ્રશિક્ષણાર્થીઓ | 55 | 100.56 | 22.43 | 2.41 | 1.96(0.05) 2.58(0.01) | સાર્થક છે (0.05) |
| અનુસ્નાતક પ્રશિક્ષણાર્થીઓ | 34 | 111.99 | 21.23 | | | |
| કુલ | 89 | | | | | |
| | (પ્રમાણભૂલ)2 | 22.40 | **સ્વાતંત્ર્ય સંખ્યા =87 આગળ સરાસરીનો તફાવત સાર્થક છે** | | | |
| | પ્રમાણભૂલ | 4.73 | | | | |

| | | | |
|---|---|---|---|
| | M1-M2 | 11.43 | |
| | tમૂલ્ય | 2.41 | |

સારણી 2 પરથી સ્વાતંત્ર્ય સંખ્યા =87 આગળ t નુ ટેબલ મૂલ્ય 0. 05 , 0. 01કક્ષાએ અનુક્રમે 1. 96અને 2. 58છે .અહી t નુ ગણતરી વડે મેળવેલુ મૂલ્ય 2.41 છે, જે સરાસરી વચ્ચેનો તફાવત સાર્થક છે .માધ્યમિક શિક્ષણના સ્નાતક અને અનુસ્નાતક પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે. .આલેખ-2 પર થી આ તફાવત સ્પષ્ટ જણાય છે.

$Ho_3$ માધ્યમિક શિક્ષણના સ્નાતક પુરુષ અને સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

**સારણી:3**

માધ્યમિક શિક્ષણના સ્નાતક પુરુષ અને સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થકતા

| વ્યાવસાયિક પ્રતિબદ્ધતા | સંખ્યા | સરાસરી | પ્રમાણિત વિચલન | tમૂલ્ય | સાર્થકતા મૂલ્ય | પરિણામ |
|---|---|---|---|---|---|---|
| સ્નાતક પુરુષ પ્રશિક્ષણાર્થીઓ | 15 | 98.15 | 21.11 | 2.06 | 1.96(0.05) 2.58(0.01) | સાર્થક છે (0.05) |
| સ્નાતક સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓ | 40 | 110.99 | **19.11** | | | |
| કુલ | 55 | | | | | |
| | (પ્રમાણભૂલ)2 | 38.84 | **સ્વાતંત્ર્ય સંખ્યા =53 આગળ સરાસરીનો તફાવત સાર્થકછે** | | | |
| | પ્રમાણભૂલ | 6.23 | | | | |
| | M1-M2 | 12.84 | | | | |

| | | | |
|---|---|---|---|
| | tમૂલ્ય | 2.06 | |

સારણી 3 પરથી સ્વાતંત્ર્ય સંખ્યા =53 આગળ t નુ ટેબલ મૂલ્ય 0.05અને 0. 01કક્ષાએ અનુક્રમે 1. 96અને 2. 58છે .અહી t નુ ગણતરી વડે મેળવેલુ મૂલ્ય 2.06 છે, જે 0.05 કક્ષાએ t ના ટેબલ મૂલ્ય કરતા વધુ હોવાથી ઉત્કલ્પના-3નો અહી અસ્વીકાર થાય છે.બે સરાસરી વચ્ચેનો તફાવત સાર્થક છે .માધ્યમિક શિક્ષણના સ્નાતક પુરુષ અને સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

$Ho_4$ માધ્યમિક શિક્ષણના અનુસ્નાતક પુરુષ અને સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

**સારણી:4**
માધ્યમિક શિક્ષણના અનુસ્નાતક પુરુષઅને સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતા ના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થકતા

| વ્યાવસાયિક પ્રતિબદ્ધતા | સંખ્યા | સરાસરી | પ્રમાણિત વિચલન | t મૂલ્ય | સાર્થકતા મૂલ્ય | પરિણામ |
|---|---|---|---|---|---|---|
| અનુસ્નાતક પુરુષ પ્રશિક્ષણાર્થીઓ | 15 | 100.29 | 16.65 | 2.14 | 1.96(0.05) 2.58(0.01) | સાર્થક છે (0.05) |
| અનુસ્નાતક સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓ | 19 | 112.97 | **17.77** | | | |
| કુલ | 34 | | | | | |
| | (પ્રમાણભૂલ)2 | 35.10 | **સ્વાતંત્ર્ય સંખ્યા =32 આગળ સરાસરીનો** | | | |

| | | | |
|---|---|---|---|
| | પ્રમાણભૂલ | 5.92 | તફાવત સાર્થકછે |
| | M1-M2 | 12.68 | |
| | tમૂલ્ય | 2.14 | |

સારણી 4 પરથી સ્વાતંત્ર્ય સંખ્યા =32 આગળ t નુ ટેબલ મૂલ્યો 0. 05 અને 0. 01કક્ષાએ અનુક્રમે 1. 96અને 2. 58છે .અહી ટી નુ ગણતરી વડે મેળવેલુ મૂલ્ય 2.14 છે, જે 0.05 કક્ષાએ t ના ટેબલ મૂલ્ય કરતા વધુ હોવાથી ઉત્કલ્પના-4 નો અહી અસ્વીકાર થાય છે.બે સરાસરી વચ્ચેનો તફાવત સાર્થક છે .માધ્યમિક શિક્ષણના અનુસ્નાતક પુરુષ અને સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે. .આલેખ-4 પર થી આ તફાવત સ્પષ્ટ જણાય છે

❖ **તારણો**

✶ **તારણ-1**

માધ્યમિક શિક્ષણના પુરુષ અને સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતા ના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી .

માધ્યમિક શિક્ષણના પુરુષ અને સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો સમાન જોવા મળે છે.

✶ **તારણ-2**

માધ્યમિક શિક્ષણના સ્નાતક અને અનુસ્નાતક પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવતજોવા મળે છે.

માધ્યમિક શિક્ષણના સ્નાતક પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો( 100.56) કરતાં અનુસ્નાતક પ્રશિક્ષણાર્થીઓની અધ્યાપન ક્ષમતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો ( 111.99) ઊંચા જોવા મળે છે.

* **તારણ-3**

માધ્યમિક શિક્ષણના સ્નાતક પુરુષ અને સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતા ના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

માધ્યમિક શિક્ષણના સ્નાતક પુરુષ પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો( 98.15) કરતાં સ્નાતક સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો ( 110.99) ઊંચા જોવા મળે છે.

* **તારણ-4**

માધ્યમિક શિક્ષણના અનુસ્નાતક પુરુષ અને સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવતજોવા મળે છે.

માધ્યમિક શિક્ષણના અનુસ્નાતક પુરુષ પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતા ના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો (100.29) કરતાં અનુસ્નાતક સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો ( 112.97) ઊંચા જોવા મળે

## સંદર્ભસૂચિ

1. ઉચાટ,ડી.એ.(2012) શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર (દ્વિતીય આવૃત્તિ ) ,રાજકોટ:સૌરાષ્ટ્ર યુનિર્વસિટી.

2.દોંગા એન.એસ (2012) અધ્યાપન મનોવિજ્ઞાનમાં નવી દિશાઓ ,વિકાસ,શિક્ષણ પ્રક્રિયા અને માહિતી ટેકનોલોજી.અમદાવાદ યુનિર્વસિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય.

3.પરમાર કિંજલબા પી.છઠ્ઠા ધોરણના વિધાર્થીઓની ગુજરાતી વિષયની શૈક્ષણિક સિદ્ધિ.સંશોધન પેપર.સૌરાષ્ટ્ર યુનિર્વસિટી,રાજકોટ.